# "ગુજરાતના આદિવાસી જિલ્લાઓની શૈક્ષણિક કાર્યક્ષમતાનું તુલનાત્મક મૂલ્યાંકન: પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ ફોર ડિસ્ટ્રિક્ટ્સ (PGI-D) સ્કોર આધારિત અભ્યાસ "


**Ms. Smita A. Naik**

**Research scholar,**

**Department of Economics ,**

**Veer Narmad south Gujarat University Surat**

**Email: naiksmita1407@gmail.com ,**

**ORCID- 0009-0001-8984-7552**

**Dr.Yogesh N. Vansiya**

**Assistant Professor.**

**Department of Economics,**

**Veer Narmad South Gujarat University, Surat**

**Email: ynvansiya@vnsgu.ac.in,**

**ORCID-0000-0002-4662-6215**

## અમૂર્ત

પ્રસ્તુત સંસોધનમાં ગુજરાતના ૧૪ આદિવાસી જિલ્લાઓમાં શૈક્ષણિક કાર્યક્ષમતાનો તુલનાત્મક અભ્યાસ કરવા માટે ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા વર્ષ 2018 થી 2024 દરમિયાન પ્રકાશિત '**પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ ફોર ડિસ્ટ્રિક્ટ્સ**' (PGI-D)ની ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સંશોધન અંતર્ગત એકત્રિત માહિતીનું વિશ્લેષણ એસપીએસએસ (SPSS) સોફ્ટવેર દ્વારા કરવામાં આવ્યું છે. જિલ્લાવાર શૈક્ષણિક પ્રદર્શનની સ્થિરતા અને તફાવતો જાણવા માટે મધ્યક અને ચલનાંક જેવા આંકડાકીય માપોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. માહિતીનાં વિશ્લેષણના આધારે તારણો પ્રાપ્ત થાય છે કે સુરત, નવસારી, પંચમહાલ, સાબરકાંઠા, અરવલ્લી અને વલસાડ જિલ્લાઓ ઉચ્ચ સરેરાશ PGI-D સ્કોર સાથે શૈક્ષણિક વિકાસમાં અગ્રણી રહ્યા છે. બનાસકાંઠા, ભરૂચ અને નર્મદામાં મધ્યમ સ્તરનું પ્રદર્શન જોવા મળ્યું છે, જ્યારે તાપી, દાહોદ, છોટાઉદેપુર અને ડાંગમાં શૈક્ષણિક સ્થિતિ નબળી નોંધાઈ છે. વર્ષ 2018 થી ૨૦૨૨ દરમિયાન સ્કોરમાં વૃદ્ધિ જોવા મળી હતી,પરંતુ ત્યારબાદ કોરોના મહામારી અને માળખાકીય મર્યાદાઓને કારણે સ્કોરમાં ઘટાડો નોંધાયો છે. આંકડાકીય દ્રષ્ટિએ જોતા, મોટાભાગના અગ્રણી જિલ્લાઓમાં ઊંચા મધ્યકની સાથે ચલનાંક પણ વધુ છે જે સ્કોરની અસ્થિરતા સૂચવે છે, જ્યારે નર્મદા જિલ્લો સૌથી ઓછો ચલનાંક (5.48) ધરાવી શૈક્ષણિક નીતિઓના સાતત્યપૂર્ણ અમલીકરણનો પુરાવો આપે છે. તેનાથી વિપરીત, ડાંગ અને છોટાઉદેપુરમાં નીચો મધ્યક અને નીચો ચલનાંક એ બાબત સ્પષ્ટ કરે છે કે અહીં શૈક્ષણિક સ્તર લાંબા સમયથી નીચલા સ્તરે સ્થિર છે. આમ, પ્રસ્તુત સંસોધન શિક્ષણ પ્રણાલીમાં રહેલા ગંભીર પડકારો જેવા કે શિક્ષકોની અછત અને અપુરતી માળખાકીય સુવિધાઓની દૂર કરવા માટે નીતિવિષયક સુધારાની આવશ્યકતા પર ભાર મૂકે છે.


## 1.પ્રસ્તાવના

ગુજરાતમાં આદિવાસી વિસ્તારોના શિક્ષણ ક્ષેત્રે સુસંગત સુધારા અને વિકાસ આવશ્યક છે. આ વિસ્તારોમાં બાળકોની શૈક્ષણિક પ્રવૃત્તિ, શિક્ષકોની ઉપલબ્ધતા, શાળાની સુવિધાઓ અને શૈક્ષણિક પરિણામોમાં નોંધપાત્ર તફાવત જોવા મળે છે, તેવા વિસ્તારોમાં શિક્ષણ કાર્યક્ષમતાનું મૂલ્યાંકન અને તુલનાત્મક અભ્યાસ કરવો જરૂરી છે, જેથી શૈક્ષણિક અસમાનતા ઓળખી શકાય અને નીતિગત સુધારા લાવી શકાય.

ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ એ સમાજના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ સ્તંભ છે. આ વિસ્તારમાં વસતા લોકોની પરંપરાઓ, ભાષાઓ અને જીવનશૈલી અનોખી છે, જે

તેમને અન્ય સમુદાયોથી અલગ પાડે છે. આદિવાસી વિસ્તારોમાં શિક્ષણની સ્થિતિમાં અનેક પડકારો છે, જેમ કે શાળાઓની અભાવ, શિક્ષકોની અછત, ભાષા અને સંસ્કૃતિના તફાવતો, અને સામાજિક-આર્થિક અવરોધો વગેરે પડકારો શિક્ષણના ગુણવત્તા અને પહોંચને અસર કરે છે, જે આદિવાસી વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે અવરોધરૂપ બને છે.

ગુજરાત સરકાર આદિવાસી વિસ્તારોમાં શિક્ષણને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ યોજનઓ હાથ ધરવામાં આવી રહી છે. રાજ્યમાં કુલ 14 આદિવાસી જીલ્લાઓની ઓળખ કરવામાં આવી છે, જે નીચે પ્રમાણે છે.

| ક્રમ | જીલ્લા | ક્રમ | જીલ્લા |
|---|---|---|---|
| 1 | બનાસકાંઠા | 8 | નર્મદા |
| 2 | સાબરકાંઠા | 9 | ભરૂચ |
| 3 | અરવલ્લી | 10 | સુરત |
| 4 | મહીસાગર | 11 | નવસારી |
| 5 | પંચમહાલ | 12 | વલસાડ |
| 6 | દાહોદ | 13 | તાપી |
| 7 | છોટા ઉદેપુર | 14 | ડાંગ |

***Source*: https://tribal.gujarat.gov.in/tribal-district-and-taluka**

આ જીલ્લાઓમાં આદિવાસી સમુદાયોની વસ્તી વિશાળ છે, અને આ વિસ્તારોમાં શિક્ષણની સ્થિતિ વિશેષ ધ્યાનની માંગ કરે છે.

ગુજરાત સરકાર દ્વારા આદિવાસી વિસ્તારોમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાઓનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવું, શાળાઓમાં માળખાકીય સુવિધાઓ સુધારવી, અને શિક્ષણમાં સામાજિક અને આર્થિક અવરોધો દૂર કરવાના પ્રયાસો કરવાનું છે.

## 2.પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ ફોર ડિસ્ટ્રિક્ટ્સ (PGI-D) નો ખ્યાલ

**પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ ફોર ડિસ્ટ્રિક્ટ્સ** (PGI-D) ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા પ્રકાશિત એક મહત્વપૂર્ણ સાધન છે, જે જીલ્લા સ્તરે શાળાકીય શિક્ષણની ગુણવત્તા અને કામગીરીનું સર્વાંગી મૂલ્યાંકન કરે છે. આ ઈન્ડેક્સ માટેનો આંકડાકીય ડેટા મુખ્યત્વે **યુનિફાઇડ**

ડિસ્ટ્રિક્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન પ્લસ (UDISE+), નેશનલ અચીવમેન્ટ સર્વે (NAS, 2017) તેમજ જીલ્લાઓ દ્વારા પૂરો પાડવામાં આવેલા સ્થાનિક ડેટા પરથી લેવામાં આવે છે.

2.1 પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ ફોર ડિસ્ટ્રિક્ટ્સ (PGI-D) નું માળખું

- **PGI-D નું માળખું કુલ 600 ગુણ (Points) પર આધારિત છે, જેમાં 83 સૂચકો (Indicators) નો સમાવેશ થાય છે. આ સૂચકોને 6 મુખ્ય કેટેગરી (Categories) હેઠળ ગોઠવવામાં આવ્યા છે, અને દરેક કેટેગરીને અલગ-અલગ ભાર આપવામાં આવ્યા છે જે નીચે પ્રમાણે છે. ખાસ કરીને 2020-21 પછી કોવીડને કારણે ડીજીટલ લર્નિંગ અને અસરકારક વર્ગખંડ વ્યવસ્થાપન જેવી નવી કેટેગરીઓ ઉમેરાઈ, જે અગાઉ રાજ્ય સ્તરીય PGIમાં સામેલ નહોતી પેહલા માત્ર 4 મુખ્ય કેટેગરી હતી. 6 કેટેગરીઓને વધુમાં 12 ઉપક્ષેત્રોમાં વહેંચવામાં આવ્યા છે, જેથી શિક્ષણ પ્રણાલીના વિવિધ પાસાઓનું ઊંડાણપૂર્વક નિરીક્ષણ શક્ય બને**

PGI-D

| શ્રેણીઓ | કુલ ગુણ |
|---|---|
| પરિણામો (Outcomes) | 290 |
| અસરકારક વર્ગખંડ વ્યવસ્થાપન | 60 |
| માળખાકીય સુવિધાઓ અને વિદ્યાર્થીઓના હક્ક (Infrastructure Facilities & Student Entitlements) – | 51 |
| શાળા સલામતી અને બાળ સુરક્ષા (School Safety & Child Protection) | 35 |
| ડિજિટલ શિક્ષણ (Digital Learning) | 50 |
| શાસન પ્રક્રિયા (Governance Process) | 45 |
| કુલ ગુણ | 600 |

*Source: Prepared by the Author based on Performance Grading Index For Districts of india 2022–23 & 2023–24 Report*

### 2.2 પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ ફોર ડિસ્ટ્રિક્ટ્સ (PGI-D) ની ગ્રેડિંગ પદ્ધતિ

પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ ફોર ડિસ્ટ્રિક્ટ્સ (PGI-D) જીલ્લાઓને તેમની કામગીરીના આધારે ગ્રેડ આપે છે PGI-D નું માળખું કુલ 600 ગુણ (Points) પર આધારિત છે, જેમાં 83 સૂચકોનો સમાવેશ થાય છે. આ સૂચકોને 6 મુખ્ય કેટેગરી (Categories) હેઠળ ગોઠવવામાં આવ્યા છે, અને દરેક કેટેગરીને અલગ-અલગ આપેલા ભાર પ્રમાણે જીલ્લાનું કુલ સ્કોર 600માંથી પ્રાપ્ત ગુણને ટકાવારમાં રૂપાંતરિત કરવામાં આવે છે અને ત્યારબાદ તેને 10 ગ્રેડમાં વહેંચવામાં આવે છ જે નીચે પ્રમાણે છે.




*Source: Prepared by the Author based on Performance Grading Index 2.0 for States/UTs, 2022–23 & 2023–24 Report.*

### 2.3 પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ ફોર ડિસ્ટ્રિક્ટ્સ (PGI-D) નું મહત્વ

PGI-Dનું મુખ્ય મહત્વ એ છે કે તે જીલ્લાઓને તેમની શક્તિઓ તથા દુર્બળતાઓ ઓળખવામાં મદદ કરે છે. આ ઈન્ડેક્સ જીલ્લાઓ વચ્ચેની તુલનાત્મક કામગીરી દર્શાવે છે, જેથી નીતિગત આયોજન, ગુણવત્તા સુધારણા અને શ્રેષ્ઠ પ્રથાઓ નક્કી કરવા માટે ઉપયોગી સાબિત

થાય છે. શિક્ષણ પ્રણાલીના તમામ હિતધારકો વિદ્યાર્થીઓ, માતા-પિતા, શિક્ષકો અને પ્રશાસકો માટે આ મહત્વપૂર્ણ માહિતીનું સ્ત્રોત છે.

## 3.અભ્યાસનું મહત્વ:

પ્રસ્તુત અભ્યાસ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ ક્ષેત્રે અસમાનતા અને પડકારોને ઓળખવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. PGI-D સ્કોરના આધારે જિલ્લાઓમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક પરિણામો, શિક્ષકોની હાજરી, શાળાની સુવિધાઓ અને શૈક્ષણિક ગુણવત્તાનું તુલનાત્મક મૂલ્યાંકન શક્ય બને છે. ઉચ્ચ સ્કોર દર્શાવે છે કે કેટલીક વિસ્તારોમાં શિક્ષણ કાર્યક્ષમતા, સુવિધાઓ અને પરિણામો સરેરાશથી વધારે છે, જ્યારે ઓછા સ્કોરવાળા વિસ્તારોમાં શૈક્ષણિક પરિણામો સરેરાશ કરતા ઓછા છે, જે આ વિસ્તારોમાં શૈક્ષણિક પડકારો, સુવિધાઓની અછત અને વધુ હસ્તક્ષેપની જરૂરિયાત દર્શાવે છે. આ અભ્યાસ રાજ્ય અને કેન્દ્ર સરકાર માટે લક્ષિત હસ્તક્ષેપ અને નીતિગત સુધારા માટે ઉપયોગી માર્ગદર્શિકા પૂરી પાડે છે. PGI-D આધારિત વિશ્લેષણથી જીલ્લાવાર શિક્ષણ કાર્યક્ષમતાનું વૈજ્ઞાનિક અને તથ્યાત્મક મૂલ્યાંકન થાય છે, જે ભવિષ્યના અભ્યાસો અને શૈક્ષણિક નીતિ માટે આધારરૂપ છે. વધુમાં, આ અભ્યાસ આદિવાસી વિસ્તારોમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવૃત્તિ અને સ્કૂલિંગ માળખામાં પડકારોને સમજવામાં મદદ કરે છે, જે ઉચ્ચ ગુણવત્તા અને સમાન શિક્ષણની સુવિધા સુનિશ્ચિત કરવા માટે જરૂરી છે.

## 4. સંશોધનનાં હેતુઓ

1) પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ(PGI) અંગે જાણકારી મેળવવાનો હેતુ.

2) ગુજરાતના આદિવાસી જીલ્લાઓમાં પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ(PGI)ના સ્કોરની તરાહ જાણવાનો હેતુ.

3) ગુજરાતના આદિવાસી જીલ્લાઓમાં પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સના (PGI) સ્કોરમાં રેહેલા તફાવતને જાણવાનો હેતુ.

## 5.સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ કાર્યક્ષમતાનું તુલનાત્મક મૂલ્યાંકન કરવા માટે ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવતા પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ(PGI) રિપોર્ટમાં આપેલી ગુજરાતનાં આદિવાસી જીલ્લાના 2018 થી 2024 સમયગાળાનાં PGI-D સ્કોરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. માહિતીનું SPSS સોફ્ટવેરમાં વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અભ્યાસમાં જીલ્લાવાર PGI-D સ્કોરનાને લાઈન આલેખ, મધ્યક

(સરેરાશ) મૂલ્ય અને ચાલનાંકના આધારે વિશ્લેષણ કરવામાં આવ્યું છે, જેથી જિલ્લાઓમાં શિક્ષણ કાર્યક્ષમતામાં તફાવત અને અસમાનતાને ઓળખી શકાય. આ પદ્ધતિ દ્વારા દરેક જીલ્લાના શિક્ષણ પ્રદર્શનનું તથ્યાત્મક મૂલ્યાંકન કરવામાં આવે છે. જેના વિશ્લેષણના આધારે આ વિસ્તારમાં શિક્ષણ ક્ષેત્રની પ્રગતિ અને પડકારોને સમજવાનું શક્ય બને. આ અભ્યાસ રાજ્ય અને કેન્દ્ર સરકાર માટે લક્ષિત હસ્તક્ષેપ અને નીતિગત સુધારાની યોજના તૈયાર કરવા માટે મહત્વપૂર્ણ સૂચકો પૂરી પાડે છે.

## 6.સંશોધનની  સાહિત્ય સમિક્ષા

(Lal, 2024) નું સંશોધન મહારાષ્ટ્રમાં જીલ્લા-અંતર શૈક્ષણિક અસમાનતા પર આધારિત છે, જેમાં ચાર પરિમાણો – પ્રવેશ, માળખાકીય સુવિધા, શિક્ષકની સ્થિતિ અને શૈક્ષણિક પરિણામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અભ્યાસમાં ગૌણ માહતી જેમ કે આયોજન આયોગ, વિશ્વ બેંક, મહારાષ્ટ્ર માનવ વિકાસ અહેવાલ (2012) અને શૈક્ષણિક વિકાસ સૂચકાંક (2011–12) નો ઉપયોગ કરવામાં આવ્યો છે. આંકડાનું વિશ્લેષણ  વિસ્તાર અને પ્રમાણિત વિચલનથી કરવામાં આવ્યું. પરિણામોમાં જોવા મળે છે કે બિડ જીલ્લામાં  શાળાની ઉપલબ્ધતા સૌથી વધુ છે જ્યારે મુંબઈમાં સૌથી ઓછી; અહમદનગરમાં છોકરીઓ માટે અલગ શૌચાલયની અછત ગંભીર છે, જ્યારે ગોંદિયા તેમાં શ્રેષ્ઠ છે; મુંબઈમાં શિક્ષક-વિદ્યાર્થી અનુપાત બહુ ઊંચો છે જ્યારે સિંધુદુર્ગમાં બહુ ઓછો છે. લિંગ સમાનતા મામલે કોલ્હાપુર સૌથી પાછળ છે અને ગોંદિયા સૌથી આગળ. જીલ્લાઓને પ્રદર્શન આધારે ઊંચા, મધ્યમ અને નીચા વર્ગોમાં વહેંચવામાં આવ્યા છે, જેમાં રત્નાગીરી તમામ સૂચકાંકોમાં શ્રેષ્ઠ છે. નીતિ સૂચનો મુજબ, સંસાધનોનું લક્ષ્યિત વિતરણ, છોકરીઓના શિક્ષણ માટે જાગૃતિ અભિયાન અને શિક્ષકોની સંતુલિત નિમણૂક જરૂરી છે. આ તારણો રાજ્ય સ્તરે અસમાનતા ઘટાડવા માટે નીતિગત આયોજનમાં ઉપયોગી બની શકે છે

(Centre for Budget and Policy Studies., 2017)દ્વારા યુનિસેફ માટે તૈયાર કરાયેલ આ અહેવાલ મહારાષ્ટ્રના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ સંબંધિત પડકારોનું વિશ્લેષણ કરે છે. અભ્યાસમાં વસ્તીગણના, NSSO, IHDS અને UDISE જેવા દ્વિતીયક આંકડાઓ સાથેનો સાથે ઉપયોગ કરીને, થાણે અને યવતમાળ જિલ્લામાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક કસોટીઓ, વર્ગખંડ નિરીક્ષણો, મુખ્ય શિક્ષકની મુલાકત, સમૂહ ચર્ચાઓ અને શૈક્ષણિક માળખાની સર્વેક્ષણો જેવી પ્રાથમિક માહિતીનો સમાવેશ કર્યો હતો. પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા માટે પ્રમાણસર સંભાવના પદ્ધતિ  નમૂનાકીય પદ્ધતિ અપનાવવામાં આવી હતી. અભ્યાસ દર્શાવે છે કે નીતિના હેતુઓ અને

પરિણામોમાં તફાવત છે, બજેટ ફાળવણી હોવા છતાં, મોટાભાગના સ્ત્રોતો પગાર, હોસ્ટેલ અને શિષ્યવૃત્તિઓ પર કેન્દ્રિત છે, જ્યારે શૈક્ષણિક પદ્ધતિ, ભાષા અવરોધો અને સાંસ્કૃતિક સંવેદનશીલતાઓ પર મર્યાદિત ધ્યાન આપવામાં આવે છે. આંકડાઓનું વિશ્લેષણ દર્શાવે છે કે મહારાષ્ટ્રમાં આદિવાસી સાક્ષરતા અને પ્રવેશ દર રાષ્ટ્રીય સરેરાશ કરતા વધારે છે, પરંતુ બિન-આદિવાસી વસ્તીના તુલનામાં  ઘણો ઓછો છે અને ગ્રામ્ય-શહેરી તફાવત સ્પષ્ટ છે. માળખાકીય મૂલ્યાંકન દર્શાવે છે કે શિક્ષણનો અધિકાર કાયદા (RTE) ધોરણોનો આંશિક અમલ થયો છે, પરંતુ આશ્રમ શાળાઓમાં સ્વચ્છતા, હવા પ્રવાહ અને શિક્ષક નિવાસ જેવી સમસ્યાઓ હજુ યથાવત છે. શિક્ષકોની અછત, આદિવાસી વિદ્યાર્થીઓની ભાષાકીય અને સાંસ્કૃતિક જરૂરિયાતોને પહોંચી વળવા તાલીમનો અભાવ અને કરાર આધારિત સ્ટાફ પર આધાર સમસ્યાઓને વધુ ગંભીર બનાવે છે. અહેવાલનું તારણ છે કે આદિવાસી શિક્ષણમાં સુધારો કરવા માટે માળખું અને નાણાંકીય સહાય સાથે સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિઓને ધ્યાનમાં લેતી સર્વાંગી દૃષ્ટિ અપનાવવી જરૂરી છે. નીતિ ભલામણોમાં આંતર-વિભાગીય સમન્વય મજબૂત બનાવવો, શૈક્ષણિક નવીનતા, અભ્યાસક્રમમાં આદિવાસી ભાષાઓ અને સંસ્કૃતિનો સમાવેશ કરવો અને આશ્રમ શાળાઓને આધુનિક જરૂરિયાતો સાથે સુસંગત બનાવવા માટે સુધારવા શામેલ છે.

(Vansiya, 2014)દ્વારા કરાયેલ અભ્યાસ ગુજરાતમાં સાક્ષરતાના દરમાં ક્ષેત્રવાર અને પ્રાદેશિક અસમાનતાઓની તપાસ કરે છે, ખાસ કરીને ગ્રામ્ય-શહેરી તફાવતો અને લિંગ આધારિત અસમાનતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સંશોધન દર્શાવે છે કે 1960થી ગુજરાતે મજબૂત આર્થિક વૃદ્ધિ મેળવી હોવા છતાં સામાજિક સૂચકાંકો જેમ કે શિક્ષણમાં પ્રગતિ અસમાન રહી છે. આ અભ્યાસનો હેતુ 1951થી 2011 સુધીના જિલ્લાવાર સાક્ષરતા પ્રવાહોનું મૂલ્યાંકન કરવો, લિંગ આધારિત તફાવતોનું વિશ્લેષણ કરવું, શૈક્ષણિક માળખાની સ્થિતિ તપાસવી અને શૈક્ષણિક સુધારણા માટે સરકારની નીતિઓ અને ખર્ચની અસરકારકતાનું મૂલ્યાંકન કરવો છે આ સંશોધનમાં ગૌણ આંકડા આધારિત ડિઝાઇન અપનાવવામાં આવી છે, જેમાં 1951થી 2011 સુધીની વસ્તીગણના તથા સરકારના અહેવાલોનો ઉપયોગ કરીને આંકડાકીય વિશ્લેષણ કરવામાં આવ્યો છે. 2001 અને 2011ના જિલ્લાવાર આંકડાઓ પર ક્રમિક સહસંબંધ લાગુ કરીને પુરુષ, સ્ત્રી તથા કુલ સાક્ષરતાના દર વચ્ચે આંકડાકીય રીતે મહત્વપૂર્ણ સકારાત્મક સંબંધ જોવા મળ્યો, જે દર્શાવે છે કે સમગ્ર પ્રદેશમાં સુધારો થયો છે. તેમ છતાં, પરિણામો દર્શાવે છે કે અસમાનતાઓ યથાવત છે. અમદાવાદ, સુરત, આનંદ અને ગાંધીનગર જેવા જિલ્લાઓમાં સાક્ષરતા દર 85 ટકા કરતાં

વધારે છે, જ્યારે દાહોદ અને ડાંગ જેવા આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારો રાજ્યની સરેરાશથી ઓછા છે. ખાસ કરીને સ્ત્રી સાક્ષરતામાં પુરુષોની તુલનાએ ઝડપી વૃદ્ધિ થઈ છે, જે લિંગ આધારિત તફાવતને ખાસ કરીને શહેરી વિસ્તારોમાં ઘટાડે છે, પરંતુ ગ્રામ્ય અસમાનતાઓ યથાવત છે અભ્યાસના તારણ મુજબ, ગુજરાતમાં શૈક્ષણિક પ્રગતિ નોંધપાત્ર છે, છતાં પ્રાદેશિક તથા લિંગ આધારિત અસમાનતાઓ સર્વસમાવેશી વિકાસમાં અવરોધરૂપ છે. નીતિ સૂચનોમાં ગ્રામ્ય વિસ્તારોમાં શૈક્ષણિક માળખાની મજબૂતી, સરકાર હસ્તક્ષેપ અને "કન્યા કેળવણી" જેવી દીર્ઘકાળીન પહેલને મજબૂત બનાવવાનો ભાર મૂકવામાં આવ્યો છે.

(Bhatt & Mathur, 2017)નો લેખ ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાનો ગંભીરતાપૂર્વક અભ્યાસ કરે છે અને તેને રાષ્ટ્રીય શિક્ષણ નીતિઓ તથા રાજ્ય સ્તરની પહેલ સાથે જોડે છે. અભ્યાસ દર્શાવે છે કે ગુજરાતે નોંધપાત્ર પ્રગતિ કરી છે—વિદ્યાર્થી નોંધણીમાં વધારો થયો છે અને શાળાછૂટા દર 2005માં 64.4% થી ઘટીને તાજેતરમાં 5.66% થયો છે તેમ છતાં શીખવાના ગુણવત્તાસભર પરિણામો મોટી ચિંતાજનક છે. સંશોધન ભારપૂર્વક કહે છે કે 2009ના શિક્ષણનો અધિકાર કાયદા (RTE) અને રાજ્ય સરકારની યોજનાઓ અમલમાં હોવા છતાં, શિક્ષક ગેરહાજરી, રટણ આધારિત શિક્ષણ પદ્ધતિ, અપૂરતી માળખાકીય સુવિધાઓ અને એકસરખું શાળાનું વાતાવરણ જેવી સમસ્યાઓ અભ્યાસમાં અવરોધરૂપ છે. આ અભ્યાસના હેતુઓમાં ગુજરાતના પ્રાથમિક શિક્ષણની પ્રગતિનું મૂલ્યાંકન કરવું, ગુણવત્તાના ખાડાઓ ઓળખવા અને ઓપરેશન બ્લેકબોર્ડ, સર્વ શિક્ષા અભિયાન અને ગુણોત્સવ જેવી સરકારી યોજનાઓની અસરકારકતાનું મુલ્યાંકન શામેલ છે

સંશોધનની રૂપરેખા વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક છે, જેમાં વસ્તીગણના અહેવાલો, સરકારી અહેવાલો, શિક્ષણ માટેની જિલ્લા માહિતી પદ્ધતિ (DISE) અને એજ્યુકેશન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ (EDI) જેવા ગૌણ આંકડાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. નોંધણી, કુલ અને શુદ્ધ નોંધણી અનુપાતો તથા માળખાકીય આંકડાઓ દ્વારા પ્રવેશ, ભાગીદારી અને ગુણવત્તાનું માપન કરવામાં આવ્યું. ઉદાહરણ તરીકે, ગુજરાતે લગભગ સર્વવ્યાપી નોંધણી મેળવી છે, છતાં ઉપ પ્રાથમિક સ્તરે તેનો શુદ્ધ નોંધણી દર (48.77%) રાષ્ટ્રીય સરેરાશ કરતા ઓછો છે અને બિહાર તથા ઝારખંડ જેવા ગરીબ રાજ્યો કરતા પણ પાછળ છે. EDI રેન્કિંગ દર્શાવે છે કે ગુજરાત માળખાકીય સુવિધાઓમાં મજબૂત પ્રદર્શન કરે છે પરંતુ શીખવાની ગુણવત્તામાં નબળું પડે છે. ગુણોત્સવના મૂલ્યાંકનમાં, જ્યાં શાળાઓને શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક સૂચકાંકો આધારે ગ્રેડ

આપવામાં આવે છે, જવાબદારીમાં સુધારો દેખાયો છે પરંતુ વિસ્તારો વચ્ચેની અસમાનતાઓ યથાવત છે. અભ્યાસનું તારણ છે કે શિક્ષણની પહોંચમાં નોંધપાત્ર સુધારો થયો છે, છતાં હવે રાજ્યએ શીખવાની ગુણવત્તા, શિક્ષક ક્ષમતા અને સમાન માળખાકીય સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. નીતિ આધારિત ભલામણોમાં ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારોમાં શૈક્ષણિક માળખાની મજબૂતી, શિક્ષકોની અછત તથા તાલીમનો ઉકેલ, શિક્ષણનો અધિકાર કાયદા (RTE) નાં નિયમોનું અસરકારક અમલીકરણ અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ નવીન પહેલોનું વિસ્તરણ શામેલ છે. અભ્યાસ દલીલ કરે છે કે પ્રાથમિક શિક્ષણમાં ટકાઉ સુધારા માટે માત્ર માળખાકીય વિસ્તરણ પૂરતું નથી, પરંતુ શિક્ષણ પદ્ધતિ, સમાજની ભાગીદારી અને સર્વસમાવેશી પહોંચને મજબૂત કરવા માટે સુધારાઓ જરૂરી છે

(Parsaniya, 2025) દ્વારા કરાયેલ અભ્યાસ ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓમાં માળખાકીય સુવિધાઓની સ્થિતિનું મૂલ્યાંકન કરે છે. શિક્ષણને માનવ વિકાસનું મૂળભૂત સાધન ગણાવીને અભ્યાસમાં દર્શાવવામાં આવ્યું છે કે પૂરતું માળખું જેમ કે વર્ગખંડો, પુસ્તકાલય, પ્રયોગશાળાઓ, સ્વચ્છતા, અને ડિજિટલ સુવિધાઓ અનુકૂળ અભ્યાસ માટે જરૂરી છે. આ અભ્યાસ ગૌણ આંકડા પર આધારિત છે, જેમાં UDISE+ (2021–22), AISHE (2020–21), Gujarat Budget Analysis (2022–23) અને Education in Gujarat Fact File (2023) જેવા સત્તાવાર સ્રોતોનો ઉપયોગ થયો છે. આંકડાનું વિશ્લેષણ ટકા અને ટકા પરિવર્તન પદ્ધતિથી કરવામાં આવ્યું.પરિણામો દર્શાવે છે કે ગુજરાતમાં કુલ 53,851 શાળાઓ, 1.15 કરોડથી વધુ વિદ્યાર્થીઓ અને આશરે 3,78,118 શિક્ષકો છે, જેમાં વિદ્યાર્થી-શિક્ષક અનુપાત 31 છે. સરેરાશ દરેક શાળામાં 7 શિક્ષકો અને દર વર્ષે 214 નવા વિદ્યાર્થીઓનો પ્રવેશ થાય છે, જે પૂરતો નથી. વીજળી, પીવાના પાણી અને શૌચાલય જેવી મૂળભૂત સુવિધાઓ 95–99% શાળાઓમાં ઉપલબ્ધ હોવા છતાં, આધુનિક સુવિધાઓ હજુ નબળી છે. ઉદાહરણ તરીકે, તબીબી તપાસ 82.6%, કલા-હસ્તકલા કક્ષાઓ 9.5%, વરસાદી પાણી સંગ્રહ 22.3%, સૌર પેનલ 5.5% અને રસોડાના બગીચા 42.4% શાળાઓમાં જ છે. અભ્યાસ તારણ આપે છે કે ગુજરાતે મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, પરંતુ ઈન્ટરનેટ, કમ્પ્યુટર અને નવિનીકૃત ઊર્જા જેવી સુવિધાઓનો અભાવ છે. ભલામણોમાં અનુદાનમાં વધારો, બજેટ પ્રાથમિકતાઓનું પુનર્વિભાગ અને ગુણવત્તા આધારિત આધુનિક માળખાકીય વિકાસ પર વધુ ભાર મૂકવાની જરૂરિયાત દર્શાવવામાં આવી છે.

(Deshmukh, 2016) અભ્યાસ ડાંગ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણની હાલતનું વિશ્લેષણ કરે છે, જ્યાં લગભગ 94% આદિવાસી વસ્તી વસે છે. પરિચયમાં શિક્ષણને સામાજિક અને આર્થિક વિકાસનું મુખ્ય સાધન ગણાવવામાં આવ્યું છે, ખાસ કરીને પછાત આદિવાસી સમુદાયો માટે જ્યાં શૈક્ષણિક પછાતપણું ગરીબી જાળવવામાં યોગદાન આપે છે. અભ્યાસના હેતુઓમાં ડાંગમાં પ્રાથમિક શિક્ષણના ઐતિહાસિક વિકાસનું દસ્તાવેજીકરણ કરવું, શાળાઓ અને હોસ્ટેલોના ભૌતિક, વહીવટી અને આર્થિક પાસાઓનું તુલનાત્મક વિશ્લેષણ કરવું, જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (DPEP) જેવી યોજનાઓનું મૂલ્યાંકન કરવું અને મુખ્ય શિક્ષકો, અન્ય શિક્ષકો તથા વહીવટકર્તાઓના અભિપ્રાયો એકત્રિત કરીને ઉકેલો સૂચવવા શામેલ છે. અભ્યાસ માટે વર્ણનાત્મક સર્વે સંશોધન ડિઝાઇનનાં આધરે નમૂનામાં 408 પ્રાથમિક શાળાઓ આવરી લેવાઈ, જેમાં 257 પુરુષ અને 151 મહિલા મુખ્યાધ્યાપકો, 707 શિક્ષકો, 70 હોસ્ટેલ રેક્ટરો અને 888 ઉત્તરદાતાઓનો સમાવેશ થયો. પરિણામો દર્શાવે છે કે ડાંગમાં શાળાઓની શરૂઆત 1905માં મિશનરીઓ દ્વારા થઈ હતી, પરંતુ મોટાભાગની શાળાઓ સ્વાતંત્ર્ય પછી સ્થાપિત થઈ. ઘણી શાળાઓ ધોરણ IV અથવા V સુધી જ ચાલે છે, જેના કારણે બાળકોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ માટે બહાર જવું પડે છે અને શાળાછૂટા દર વધી જાય છે. છોકરાઓનો દાખલો છોકરીઓ કરતાં વધારે છે અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓમાં શાળાછૂટા દર ઊંચો છે. શિક્ષકોની અછતને કારણે ઘણા શિક્ષકોને અનેક ધોરણ સંભાળવા પડે છે અને શાળાઓ તથા હોસ્ટેલોમાં માળખાકીય સુવિધાઓની ખામીઓ સ્પષ્ટ છે.અભ્યાસ તારણ આપે છે કે વધુ શાળાઓ તથા હોસ્ટેલ સુવિધાઓ ઊભી કરવી, શાળાઓને ધોરણ VII સુધી વિસ્તૃત કરવી, વિષયવાર શિક્ષકોની નિમણૂક કરવી, માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવો અને સમાજની ભાગીદારી મજબૂત બનાવવી જરૂરી છે. સતત હસ્તક્ષેપો દ્વારા જ ડાંગની આદિવાસી વસ્તી માટે સર્વસામાન્ય પ્રાથમિક શિક્ષણ હાંસલ થઈ શકે છે

(Patel, 2019) નો અભ્યાસ ગુજરાતના ડાંગ જિલ્લામાં શૈક્ષણિક પૂર્વાધારની હાલત અને તેની ખામીઓનું વિશ્લેષણ કરે છે, જ્યાં શિક્ષણ બંધારણીય નિર્દેશ અને મૂળભૂત અધિકાર હોવા છતાં, ખાસ કરીને આદિવાસી પ્રધાન વિસ્તારોમાં સર્વસામાન્ય સુલભતા હાંસલ થઈ નથી. સંશોધન દર્શાવે છે કે શિક્ષણ ગરીબી ઘટાડવા, સામાજિક-આર્થિક વિકાસ વધારવા અને ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs) સુધી પહોંચવામાં મહત્વપૂર્ણ છે. આ અભ્યાસનો મુખ્ય પ્રશ્ન જિલ્લાની હાલની શૈક્ષણિક સુવિધાઓ પૂરતી છે કે નહીં અને તેમાં કઈ કઈ ખામીઓ છે તેની ઓળખ કરવાનો છે. અભ્યાસમાં વર્ણનાત્મક ડિઝાઇન અપનાવવામાં આવી છે અને ગૌણ આંકડા, જેમ કે જનગણના અહેવાલો,

જિલ્લા શિક્ષણ કચેરીઓ અને સરકારની આયોજન માર્ગદર્શિકાનો ઉપયોગ થયો છે.ત્રણ તાલુકાઓ—આહવા, સુબિર અને વાઘઈ—પર કેન્દ્રિત છે. આંકડાકીય વિશ્લેષણ દર્શાવે છે કે પ્રાથમિક શાળાઓમાં વધારો થયો છે અને છેલ્લા કેટલાક વર્ષોમાં વિદ્યાલયોની સ્થાપના થઈ છે, છતાં પણ મહત્વપૂર્ણ ખામીઓ યથાવત છે:નવ માધ્યમિક શાળાઓ, આઠ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને બે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓનો અભાવ છે. તારણ સૂચવે છે કે પ્રાથમિક શિક્ષણ પૂરતું છે, પરંતુ ઉચ્ચતર શિક્ષણ અને ટેક્નિકલ તાલીમની ગંભીર અછતને કારણે શૈક્ષણિક સતતતા અને રોજગારક્ષમતા ખોરવાય છે. ભલામણોમાં ખાસ કરીને સુબિર અને વઘઈ તાલુકામાં નવી સંસ્થાઓ ઊભી કરવાની જરૂરિયાત દર્શાવવામાં આવી છે, જેથી સાક્ષરતા દર વધે, સમાન શૈક્ષણિક પહોંચ મળે અને સામાજિક-આર્થિક વિકાસ પ્રોત્સાહિત થાય.

## 7.ગુજરાતના આદિવાસી જીલ્લાઓમાં શૈક્ષણિક કાર્યક્ષમતા:2018–2024 દરમ્યાન PGI-D સ્કોરના આંકડાકીય માહિતીનું વિશ્લેષણ

### 7.1 ગુજરાતનાં આદિવાસીઓ જીલ્લોઓમાં પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ(PGI) સ્કોરની 2018 થી 2024 સમયગાળાનાં દરમિયાન તરાહ




**Source :Graph prepared by the author based on various reports of *Performance Grading Index for Districts (PGI-D), 2018–2024*, Ministry of Education, Government of India.**

ઉપરની આકૃતિમાં ગુજરાતના આદિવાસી જીલ્લાઓનાં 2018 થી 2024નાં પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સના સ્કોરની તરાહનું વિશ્લેષણ કરવમાં આવ્યું છ. આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે ૨૦૨૧-૨૨ સુધી તમામ જિલ્લોઓનાં સ્કોરમાં સતત વધારો જોવા મળે છે, પરંતુ ત્યાર બાદ તેમાં ઘટાડો જોવા મળે છે જેનું મુખ્ય કારણ કોરોના જેવી વૈશ્વિક મહામારીની અસર તેમજ અન્ય માળખાકીય સવલતના અભાવે હોઈશકે. ઉપરની આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે 2018 થી 2024 ના સમયગાળામાં આંતર જીલ્લાની તુલના કરીએ તો સુરત, પંચમહાલ, સાબરકાંઠા, નવસારી, અરવલ્લી, વલસાડ અને મહીસાગર જિલ્લાઓનો સ્કોર ઉંચો રહ્યો છે. બનાસકાંઠા, ભરૂચ અને નર્મદા જેવા જિલ્લાનો સ્કોર મધ્યમ રહ્યો છે. જયારે દાહોદ,તાપી, ડાંગ અને છોટાઉદેપુર જેવા અતિ પછાત જિલ્લાઓમાં સ્કોર આ સમયગાળામાં ખૂબ ઓછો રહ્યો છે. તેથી દાહોદ, તાપી, ડાંગ અને છોટાઉદેપુર જેવા જીલ્લોમાં શૈક્ષણિક નીતિવિષયક પગલાની જરૂર જણાય છે.

### 7.2 2018 થી 2024 સમયગાળાનાં દરમિયાન ગુજરાતનાં આદિવાસીઓ જીલ્લોઓમાં પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ(PGI) સ્કોરની માહિતીનાં સરેરાશનું વિશ્લેષણ




| | સુરત | નવ સારી | પંચમ હાલ | સાબર કાંઠા | અરવ લ્લી | વલ સાડ | મહી સાગર | બના સકાંઠા | નર્મદા | તાપી | દાહોદ | ભરૂચ | છોટા ઉદેપુ ર | ડાંગ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સરેરાશ | 394.6 | 393.1 | 392.8 | 392.8 | 388.8 | 387.5 | 386.6 | 376.3 | 376.0 | 374.8 | 374.5 | 374.0 | 362.3 | 361.5 |

**Source :Graph prepared by the author based on various reports of *Performance Grading Index for Districts (PGI-D), 2018–2024*, Ministry of Education, Government of India.**

ઉપરોક્ત ચાર્ટના વિશ્લેષણના આધારે સ્પષ્ટ થાય છે કે ગુજરાતનાં આદિવાસી જિલ્લાઓમાં PGI-D સ્કોર (2019–2024) વિવિધ વિસ્તારોમાં અસમાન જોવા મળે છે. સુરત જિલ્લો 394.6ના સરેરાશ ઊંચા સ્કોર સાથે પ્રથમ સ્થાને છે, જે દર્શાવે છે કે અહીં શૈક્ષણિક પહોંચ, માળખાકીય સુવિધાઓ અને પરિણામો તુલનાત્મક રીતે વધુ સારાં છે. તેના નજીક સુરત નવસારી (393.1), પંચમહાલ (392.8) અને સાબરકાંઠા (392.8) અરવલ્લી (388.8) અને વલસાડ (387.5) અને મહીસાગર (386.6) છે, જે શૈક્ષણિક વિકાસમાં અગ્રણી જિલ્લાઓ તરીકે ઓળખાય છે. બનાસકાંઠા (376.3) અને નર્મદા (376.3) અને ભરૂચ (374.0), મધ્યમ સ્તરે છે, જે દર્શાવે છે કે અહીં સારું પ્રદર્શન છે પરંતુ અગ્રણી જિલ્લાઓની તુલનામાં થોડું ઓછું, જે વધુ પ્રયત્નોની આવશ્યકતા દર્શાવે છે. તાપી (374.8) અને દાહોદ (374.5) જિલ્લાઓમાં સ્થિતિ વધુ નબળી છે, જ્યારે સૌથી ઓછો સ્કોર છોટાઉદેપુર (362.3) અને ડાંગ (361.5)માં નોંધાયો છે, જે શિક્ષણ પ્રણાલીમાં ગંભીર પડકારો જેવી કે શિક્ષકોની અછત, માળખાકીય સુવિધાઓની અપુરતી અને શૈક્ષણિક પરિણામોની નબળાઈ દર્શાવે છે. એકંદરે, દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓ આગળ છે જ્યારે આંતરિક અને વનવાસી વિસ્તારો પાછળ છે, જે દર્શાવે છે કે રાજ્ય સ્તરે લક્ષિત નીતિઓ અને વિશેષ હસ્તક્ષેપની જરૂરિયાત છે જેથી તમામ આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનો સમાન વિકાસ થઈ શકે.

### 7.3 2018 થી 2024 સમયગાળાનાં દરમિયાન ગુજરાતનાં આદિવાસીઓ જીલ્લોઓમાં પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ(PGI) સ્કોરની માહિતીનાં ચલનાંકનું વિશ્લેષણ.




**Source :Graph prepared by the author based on various reports of *Performance Grading Index for Districts (PGI-D), 2018–2024*, Ministry of Education, Government of India.**

ઉપરોક્ત ટેબલમાં આદિવાસી જીલ્લાઓની PGI-D સ્કોરના સરેરાશ અને ચલનાંકની માહિતીનું વિશ્લેષણ પરથી ખ્યાલ આવે છે કે બનાસકાંઠા, સુરત, વલસાડ, દાહોદ, પંચમહાલ, નવસારી સાબરકાંઠા, તાપી, અરવલ્લી અને  ભરૂચ જેવા જીલ્લાઓનો મધ્યક ઊંચો છે પરંતુ સાથે સાથે ચલનાંક પણ ઉચું છે, જે સૂચવે છે કે 2018 થી 2024નાં સમયગાળા દરમિયાન થયેલા ફેરફાર વધારે છે. જે આ જીલ્લાઓ PGI-D સ્કોરની અસ્થિરતા દર્શાવે છે. ડાંગ અને છોટા ઉદેપુરનો ચલનાંક ઓછો છે પરંતુ એની સાથે આ જિલ્લાનો મધ્યક પણ ઓછો છે, જે દર્શાવે છે કે 2018 થી 2024નાં સમયગાળા દરમિયાન આ જિલ્લાનો  PGI-D સ્કોરના સરેરાશ નીચે સ્તરે સ્થિર છે. જે આ જિલ્લા જે શૈક્ષણિક કાર્યક્ષમતા વધરવા માટે નીતિ વિષયક પગલા લેવા જોઈએ. નર્મદા જીલ્લાનું PGI-D સ્કોર મધ્યક 376  અને તેનો ચલનાંક 5.48 આવે છે જે 2018 થી 2024નાં સમયગાળા દરમિયાન PGI-D સ્કોર  ફેરફાર ખૂબ ઓછો આ જીલ્લાની શૈક્ષણિક કામગીરીના સતત અને નિયમિત હોવાનો પુરાવો છે. પ્રસ્તુત  પરિણામ દર્શાવે છે કે જિલ્લાની શૈક્ષણિક યોજનાઓ અને નીતિઓ વર્ષોથી સકારાત્મક રીતે અમલમાં આવી રહી છે, તેમજ પરિણામોમાં  સ્થિરતા જળવાઈ રહી છે.

## 8.સંશોધનના મહત્વના તારણો

1) **2018-2022 દરમિયાન PGI-D સ્કોરમાં મોટાભાગના જિલ્લાઓમાં સતત વધારો જોવા મળ્યો છે  પરંતુ  2022 પછી સ્કોરમાં ઘટાડો જોવા મળ્યો, જે કોરોના જેવી વૈશ્વિક મહામારી અને માળખાકીય સુવિધાનો અભાવની અસર હોય શકે.**
2) **ગુજરાતના આદિવાસી જીલ્લાઓનાં 2018 થી 2024નાં પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સના  સ્કોરની તરાહનું વિશ્લેષણ કરતાં જાણવા મળ્યું છે કે 2018-2024 ના સમયગાળામાં આંતર જીલ્લાની તુલના કરીએ તો સુરત,પંચમહાલ, સાબરકાંઠા, નવસારી, અરવલ્લી, વલસાડ જિલ્લાઓનો સ્કોર ઉંચો રહ્યો છે. બનાસકાંઠા, ભરૂચ અને નર્મદા જેવા જિલ્લાનો સ્કોર મધ્યમ રહ્યો છે. જયારે દાહોદ, તાપી, ડાંગ અને છોટાઉદેપુર જેવા અતિ પછાત જિલ્લાઓમાં સ્કોર આ સમયગાળામાં ખૂબ ઓછો રહ્યો છે.**
3) **ગુજરાતના આદિવાસી જીલ્લાઓનાં 2018 થી 2024નાં પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સના  સ્કોરના સરેરાશનો અભ્યાસ કરતાં તારણ પ્રાપ્ત થાય છે કે સુરત, નવસારી, પંચમહાલ  અને સાબરકાંઠા, અરવલ્લી અને વલસાડ જે શૈક્ષણિક વિકાસમાં અગ્રણી જિલ્લાઓ તરીકે ઓળખાય છે કારણકે આ જીલ્લાઓની, સરેરાશ ઉંચો છે જયારે બનાસકાંઠા અને નર્મદા અને ભરૂચ મધ્યમ**

સ્તરે છે, જે દર્શાવે છે કે અહીં સારું પ્રદર્શન છે પરંતુ અગ્રણી જિલ્લાઓની તુલનામાં થોડું ઓછું, જે વધુ પ્રયત્નોની આવશ્યકતા દર્શાવે છે. તાપી, દાહોદ અને જિલ્લાઓમાં સ્થિતિ વધુ નબળી છે, જ્યારે સૌથી ઓછો સ્કોર છોટાઉદેપુર અને ડાંગ માં નોંધાયો છે, જે શિક્ષણ પ્રણાલીમાં ગંભીર પડકારો જેવી કે શિક્ષકોની અછત, માળખાકીય સુવિધાઓની અપૂરતા અને શૈક્ષણિક પરિણામોની નબળાઈ દર્શાવે છે.

4) મોટાભાગના જિલ્લાઓમાં સરેરાશ ઊંચો છે પરંતુ સાથે સાથે ચલનાંક પણ ઉચું છે, જે સૂચવે છે કે 2018 થી 2024નાં સમયગાળા દરમિયાન થયેલા ફેરફાર વધારે છે.જે આ જીલ્લાઓ PGI-D સ્કોરની અસ્થિરતા દર્શાવે છે. ડાંગ અને છોટા ઉદેપુરનો ચલનાંક ઓછો છે પરંતુ એની સાથે આ જિલ્લાનો મધ્યક પણ ઓછો છે, જે દર્શાવે છે કે 2018 થી 2024નાં સમયગાળા દરમિયાન આ જિલ્લાનો PGI-D સ્કોરના સરેરાશ નીચે સ્તરે સ્થિર છે. જે આ જિલ્લા જે શૈક્ષણિક કાર્યક્ષમતા વધરવા માટે નીતિ વિષયક પગલા લેવા જોઈએ. નર્મદા જીલ્લાનું PGI-D સ્કોર મધ્યક 376 અને તેનો ચલનાંક સૌથી ઓછો 5.48 આવે છે, જે 2018 થી 2024નાં સમયગાળા દરમિયાન PGI-D સ્કોર ફેરફાર ખૂબ ઓછો છે, જે આ જીલ્લાની શૈક્ષણિક કામગીરીના સતત અને નિયમિત હોવાનો પુરાવો છે. આ દર્શાવે છે કે જિલ્લાની શૈક્ષણિક યોજનાઓ અને નીતિઓ વર્ષોથી સકારાત્મક રીતે અમલમાં આવી રહી છે, તેમજ પરિણામોમાં સ્થિરતા જળવાઈ રહી છે.

## 9.સંશોધનના સૂચનો

1. વર્ષ 2018 થો ૨૦૨૨ દરમિયાન થયેલા સતત વધારા પછી 2022 બાદનો ઘટાડો કોરોનાની અસરને ધ્યાનમાં રાખીને શાળાઓમાં ડિજિટલ લર્નિંગ, ઑનલાઇન શિક્ષણ અને હાઇબ્રિડ મોડલને વધુ મજબૂત બનાવવો જોઈએ. માળખાકીય સુવિધાઓ જેવી કે વિજળી, ઇન્ટરનેટ, ડિજિટલ ઉપકરણો ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં પ્રાથમિકતા આપવી જોઈએ.
2. અગ્રણી જિલ્લાઓ (સુરત, નવસારી, પંચમહાલ, સાબરકાંઠા, અરવલ્લી, વલસાડ) ની સફળતા પાછળના ઉત્તમ કાર્યપદ્ધતિઓને પછાત જિલ્લાઓમાં લાગુ કરવાની જરૂર છે. ખાસ કરીને દાહોદ, તાપી, ડાંગ અને છોટાઉદેપુરમાં વિશિષ્ટ શૈક્ષણિક મિશન શરૂ કરવા જોઈએ.
3. મધ્યમ સ્તરના સ્કોર ધરવતા જિલ્લાઓ (ભરૂચ, બનાસકાંઠા, નર્મદા) માટે વિશિષ્ટ હસ્તક્ષેપ જરૂર છે જેથી તેઓ અગ્રણી જિલ્લાઓની શ્રેણીમાં આવી શકે. પછાત જિલ્લાઓમાં શિક્ષકોની

અછત દૂર કરવી, શાળાની સુવિધાઓ વધારવી, અને શિક્ષણમાં ગુણવત્તા સુધારવી અત્યંત આવશ્યક છે.

4. ઉચ્ચ મધ્યક અને ઉચ્ચ ચલનાંક ધરાવતા જીલ્લાઓ (બનાસકાંઠા, સુરત, વલસાડ, દાહોદ, પંચમહાલ, નવસારી, સાબરકાંઠા, તાપી, અરવલ્લી અને ભરૂચ) માટે જરૂરી છે કે સ્થિરતા લાવવા માટે લાંબા ગાળાની આયોજનબદ્ધ શૈક્ષણિક નીતિઓ અપનાવવામાં આવે. આ જીલ્લાઓમાં સારું પ્રદર્શન જોવા મળે છે પરંતુ સતત ઉતાર–ચઢાવને કારણે સ્થિરતા ખૂટે છે. નીચો મધ્યક અને નીચો ચલનાંક ધરાવતા જીલ્લાઓ (ડાંગ અને છોટા ઉદેપુર) માટે ખાસ હસ્તક્ષેપ જરૂરી છે. અહીં સરેરાશ સ્કોર નીચા હોવાથી શૈક્ષણિક સુવિધાઓ અને ગુણવત્તા વધારવા માટે વિશેષ યોજના, સંસાધનોનો વધારો અને સતત દેખરેખ જરૂરી છે.
5. નર્મદા જિલ્લો, જેનો મધ્યક (376) અને સૌથી ઓછું ચલનાંક (5.48%) છે, તે શૈક્ષણિક સ્થિરતા અને અસરકારક અમલીકરણનું ઉત્તમ ઉદાહરણ છે. આ જિલ્લામાં અપનાવવામાં આવેલી નીતિઓ અને કાર્યપદ્ધતિઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને, અન્ય આદિવાસી જિલ્લાઓમાં પણ તેને અમલમાં મુકવાથી રાજ્યના સમગ્ર શિક્ષણ ક્ષેત્રમાં સ્થિરતા અને ગુણવત્તા વધારી શકાય છે.

## સંદર્ભ સૂચી


- Bhatt, J. A., & Mathur, N. N. (2017). The State of Quality of Primary Education in Gujarat. *International Journal for Innovative Research in Multidisciplinary Field, 3(2), 3*(2), 197-202.
- Centre for Budget and Policy Studies. (2017). *Reviewing the status of education in tribal areas in Maharashtra: A comprehensive report*. UNICEF Maharashtra.
- Deshmukh, D. S. P. (2016). Primary Education in Dang District: A Study. *International Journal for Research in Education, 5*(3), 1–5.
- Lal, J. (2024). Inter district disparities in education in Maharashtra. International Conference on Rural India in 21st Century,. *Researchgate*.
- Parsaniya, D. R. (2025). Infrastructure Facilities in Educational Institutions in Gujarat State. *Shikshan Sanshodhan: Journal of Arts, Humanities and Social Sciences, 8*(4), 101–104. https://doi.org/10.2018/SS/202504016
- Patel. (2019). Education Facility requirement in Dang district. *International Journal of Trend in Scientific Research and Development, 3*(5), 30–33. https://doi.org/10.31142/ijtsrd23720

- Vansiya, Y. (2014). Evaluation Of Sectoral Analysis Of Literacy Rate: With Special Reference To Gujarat State. *Gujarat Journal of Research in Management*, *4*(2), 75–95. Government of India. (2022). *Performance Grading Index for Districts (PGI-D): Reports*. Government of India.
- Government of India, Ministry of Education, Department of School Education and Literacy. (2020). *Performance Grading Index for Districts (PGI-D): Reports*. Government of India.
- Government of India, Ministry of Education, Department of School Education and Literacy. (2018–2024). Performance Grading Index for Districts (PGI-D), Reports 2018–19 to 2023–24. Government of India. (2018). *Performance Grading Index for Districts (PGI-D): Reports*. Government of India.
- Tribal Development Department, Government of Gujarat. (2025, September 9). *Tribal District and Taluka*. Retrieved from https://tribal.gujarat.gov.in/tribal-district-and-taluka
- Government of India, Ministry of Education, Department of School Education & Literacy. (2024). *Performance Grading Index 2.0 for States/UTs, 2022–23 & 2023–24*. Government of India. https://pgi.udiseplus.gov.in